# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-08-2024** **Morning : 7.45 to 7.55**

**Day : Firday** **National News**

આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

*******************************************************

- ✓ દેશભરમાં 78માં સ્વાતંત્ર્ય પર્વની દબદબાભેર ઉજવણી કરાઇ - દિલ્હીના લાલ કિલ્લા ખાતેથી સંબોધન કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતના વિકાસ માટે ભાવિ લક્ષ્યોની રૂપરેખા આપી
- ✓ દેશ આજે પૂર્વ પ્રધાનમંત્રી  અને ભારત રત્ન અટલ બિહારી વાજપેયીને તેમની પુણ્યતિથિ પર આજે શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યો છે.
- ✓ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજથી તેલંગાણા અને આંધ્રપ્રદેશની બે દિવસીય મુલાકાતે જશે.
- ✓ ISRO આજે તેના નાના ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન - SSLV થી પૃથ્વી અવલોકન ઉપગ્રહ તરતો મૂકશે.
- ✓ હવામાન વિભાગે આજે પૂર્વ રાજસ્થાન, છત્તીસગઢ, રાયલસીમા અને દક્ષિણ આંતરિક કર્ણાટકમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે.

******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

PM

દેશભરમાં 78માં સ્વાતંત્ર્ય પર્વની દબદબાભેર ઉજવણી કરાઇ - દિલ્હીના લાલ કિલ્લા ખાતે યોજાયેલા મુખ્ય કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. રાષ્ટ્રધ્વજ ફરકાવ્યા બાદ રાષ્ટ્રને સંબોધતા, તેમણે ભારતના વિકાસ માટે ભાવિ લક્ષ્યોની શ્રેણીની રૂપરેખા આપી. શ્રી મોદીએ કહ્યું કે સરકાર રાષ્ટ્રને મજબૂત બનાવવા અને લોકોના જીવનમાં પરિવર્તન લાવવાના ઉદ્દેશ્યમાં સુધારા માટે પ્રતિબદ્ધ છે. રાષ્ટ્ર– એક ચૂંટણીનો પુનરોચ્ચાર કરતાંતેમણે કહ્યું કે વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના સપનાને સાકાર કરવા માટે શાસનમાં સુધારા જરૂરી છે.

શ્રી મોદીએ કહ્યું કે બેંકિંગ, પર્યટન, MSME, શિક્ષણ, આરોગ્ય સેવાઓ, પરિવહન અને કૃષિ જેવા દરેક ક્ષેત્રમાં નવી અને આધુનિક પ્રણાલીઓ સ્થાપિત કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે સ્પેસ સેક્ટરમાં સ્ટાર્ટઅપ્સમાં આવેલી તેજી દેશને એક શક્તિશાળી રાષ્ટ્ર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. તેમણે ભારતને વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબમાં પરિવર્તિત કરવાના વિઝનનો ઉલ્લેખ કર્યો અને વધુ ઝડપી ગતિએ વૃદ્ધિની અપેક્ષાઓ પૂરી કરવા માટે ભવિષ્ય માટે કુશળ સંસાધનો બનાવવાનું આહ્વાન કર્યું.

પ્રધાનમંત્રીએ મહિલાઓ વિરુદ્ધહિંસા અને અપરાધોના વધતા જતા મામલા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. લાલ કિલ્લા પર તેમના સંબોધન પછી, પ્રધાનમંત્રીએ બાળકો અને દર્શકો સાથે મુલાકાત કરી અને વાતચીત કરી. આ પહેલા તેમણે રાજઘાટ જઈને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી.

# IDAY - WORLD LEADERS

દેશના 78મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે વિશ્વભરના નેતાઓએ શુભેચ્છાઓ પાઠવી છે અને આગામી વર્ષોમાં નવી દિલ્હી સાથે વધુ મજબૂત સંબંધો બનાવવા પર ભાર મૂક્યો હતો. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને આ પ્રસંગે સૌપ્રથમ શુભેચ્છા પાઠવી હતી. તેમણે બંને રાષ્ટ્રો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી માટે નિર્ધારિત મહત્વાકાંક્ષી લક્ષ્યાંકો હાંસલ કરવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે કામ કરવાની આતુરતા પણ વ્યક્ત કરી.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ભારતને શુભેચ્છા પાઠવી હતી અને જણાવ્યું હતું કે મોસ્કો, નવી દિલ્હી સાથે ખાસ વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીના સંબંધોને ખૂબ મહત્વ આપે છે અને સંબંધોને વધુ વિકસાવવા માંગે છે. ઇટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીએ 78મા સ્વતંત્રતા દિવસના અવસરે શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે ભારત-ઇટાલી વ્યૂહાત્મક ભાગીદારી ભવિષ્ય માટે મહત્વપૂર્ણ આધારસ્તંભ છે.

કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોએ પણ આ શુભ અવસર પર ભારતને શુભેચ્છા પાઠવી હતી. આ સિવાય માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઇઝુ, નેપાળના પ્રધાનમંત્રી કેપી શર્મા ઓલી અને મોરેશિયસના પ્રધાનમંત્રી પ્રવિંદ કુમાર જુગનાથે પણ આ પ્રસંગે શુભેચ્છાઓ પાઠવી હતી.

# PREZ- AT HOME

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે 78મા સ્વતંત્રતા દિવસના અવસર પર રાષ્ટ્રપતિ ભવન ખાતે એટ-હોમ ભોજન સમારંભનું આયોજન કર્યું હતું.

આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા અને ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી વાય ચંદ્રચુડ હાજર રહ્યા હતા.

આ ઉપરાંત, આ કાર્યક્રમમાં રાજનાથ સિંહ, જેપી નડ્ડા, ડૉ. એસ. જયશંકર, અશ્વિની વૈષ્ણવ, પીયૂષ ગોયલ અને શિવરાજ સિંહ ચૌહાણ તથા અન્ય પ્રતિષ્ઠિત મહાનુભાવો સહિત કેન્દ્રીય મંત્રીઓ પણ હાજર રહ્યા હતા.

# ATAL---DEATH-ANNIVERSARY.RTF

દેશ પૂર્વ પ્રધાનમંત્રી અને ભારત રત્ન અટલ બિહારી વાજપેયીને તેમની પુણ્યતિથિ પર આજે શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યો છે. નવી દિલ્હીમાં અટલ બિહારી વાજપેયીની સમાધિ સદૈવ અટલ ખાતે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

# EVE- VP VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજથી તેલંગાણા અને આંધ્રપ્રદેશની બે દિવસીય મુલાકાતે જશે. આજે  શ્રી ધનખડ હૈદરાબાદ, તેલંગાણામાં કાન્હા શાંતિ વનમની મુલાકાત લેશે.

આવતીકાલે તેઓ અક્ષરા વિદ્યાલય કેમ્પસ અને કૌશલ્ય વિકાસ કેન્દ્ર, સ્વર્ણ ભારત ટ્રસ્ટ અને આંધ્ર પ્રદેશમાં નેલ્લોર ખાતે મુપ્પાવરાપુ ફાઉન્ડેશનની મુલાકાત લેશે. ત્યારબાદ, તેઓ આંધ્ર પ્રદેશમાં વેંકટચલમના સ્વર્ણ ભારત ટ્રસ્ટની 23મી વર્ષગાંઠની ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે અધ્યક્ષતા કરશે..

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# JAISHANKAR - KUWAIT

વિદેશ મંત્રી ડૉએસ જયશંકર આગામી 18મી તારીખે કુવૈતની સત્તાવાર મુલાકાતે જશે. મુલાકાત દરમિયાન ડૉ. જયશંકર તેમના સમકક્ષ અબ્દુલ્લા અલી અલ-યાહ્યાને મળશે.

ડો. જયશંકરની મુલાકાત બંને પક્ષોને રાજકીય, વેપાર, રોકાણ, ઉર્જા, સુરક્ષા, સાંસ્કૃતિક, કોન્સ્યુલર અને લોકો-થી-લોકોના સંપર્કો સહિત બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોના વિવિધ પાસાઓની સમીક્ષા કરવા સક્ષમ બનાવશે. બંને પક્ષો પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ વિચારોનું આદાનપ્રદાન કરશે.

# PRADHAN-INTERACTION

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને નવી દિલ્હીમાં PM શ્રી શાળાઓના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ અને પ્રેરણા કાર્યક્રમોના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો. તેમના સંબોધન દરમિયાન, શ્રી પ્રધાને જણાવ્યું કે સરકારની પ્રાથમિકતા દેશની 'અમૃતપીધી'ને સશક્ત બનાવવા, પ્રોત્સાહિત કરવાની છે.

ઉલ્લેખનીય છે કે પ્રેરણા કાર્યક્રમોના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને નવી દિલ્હીમાં 78મા સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં હાજરી આપવા માટે ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

# ISRO

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા-ISRO આજે તેના નાના ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન - SSLV થી પૃથ્વી અવલોકન ઉપગ્રહ તરતો મૂકશે. પ્રક્ષેપણ પ્રક્રિયા શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી સવારે 9.17 કલાકે શરૂ થશે. આ સાથે, નાના સેટેલાઇટ લોન્ચ વ્હીકલ વિકાસ પ્રોજેક્ટ પૂર્ણ થશે અને તે નાના ઉપગ્રહો લોન્ચ કરવા માટે સેવા આપવા માટે સંપૂર્ણરીતે સક્ષમ હશે.

PSLV કરતાં 10 મીટર નાના રોકેટ - SSLV નો ઉપયોગ નાના, ઓછા વજન અને નેનો ઉપગ્રહોને પૃથ્વીની નીચી ભ્રમણકક્ષામાં લોન્ચ કરવા માટે કરવામાં આવશે. SSLV બહુવિધ ઓછા ખર્ચે ઉપગ્રહોને અવકાશમાં લોન્ચ કરવામાં અને લઘુત્તમ પ્રક્ષેપણ માળખા સાથે પ્રક્ષેપણ મિશન પૂર્ણ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. SSLV ની કિંમત PSLV કરતા અંદાજે 20% થી 30% ઓછી છે.

# RAM-NARAIN-AGARWAL---DEATH.RTF

પ્રખ્યાત મિસાઈલ વૈજ્ઞાનિક ડૉ.રામ નારાયણ અગ્રવાલનું ગઈકાલે નિધન થયું છે.

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન- DRDO એ ઉત્કૃષ્ટ એરોસ્પેસ વૈજ્ઞાનિક ડૉ. અગ્રવાલના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. પદ્મ ભૂષણ પુરસ્કાર વિજેતા ડૉ.અગ્રવાલે ભારતની લાંબા અંતરની મિસાઈલ - અગ્નિના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં DRDOએ જણાવ્યું છે કે ડૉ.અગ્રવાલે બે દાયકાથી વધુ સમય સુધી દેશના મહત્વાકાંક્ષી અગ્નિ મિસાઈલ કાર્યક્રમનું નેતૃત્વ કર્યું હતું. તેમણે રિ-એન્ટ્રી ટેક્નોલોજી, તમામ સંયુક્ત હીટ શિલ્ડ, ઓન બોર્ડ પ્રોપલ્શન સિસ્ટમ, મિસાઇલો માટે માર્ગદર્શન અને નિયંત્રણ વગેરેના વિકાસમાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી.

# IMA-KOLAKATA

ભારતીય તબીબી સંઘ-IMA એ કોલકાતાની સરકારી આર જી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં તાલીમાર્થી મહિલા ડૉક્ટર પર કથિત દુષ્કૃત્ય અને હત્યાના વિરોધમાં આવતીકાલે સવારે 6 વાગ્યાથી 24 કલાક માટે દેશવ્યાપી બિન-આપાતકાલીન સેવાઓ પાછી ખેંચવાની જાહેરાત કરી છે.

તબીબી સંસ્થાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે OPD વિભાગો કામ કરશે નહીં અને વૈકલ્પિક શસ્ત્રક્રિયાઓ હાથ ધરવામાં આવશે નહીં. જો કે, આવશ્યક સેવાઓ જાળવવામાં આવશે અને અકસ્માત વોર્ડ કાર્યરત રહેશે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે પૂર્વ રાજસ્થાન, છત્તીસગઢ, રાયલસીમા અને દક્ષિણ આંતરિક કર્ણાટકમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ અનુસાર તામિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને ગંગા તટીય પશ્ચિમ બંગાળમાં આવતીકાલ સુધી છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે.

સપ્તાહ દરમિયાન મધ્યપ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ, કેરળ, માહે, લક્ષદ્વીપ અને કર્ણાટકમાં વ્યાપકથી વ્યાપક, હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરાઇ છે. આગામી 7 દિવસ દરમિયાન કોંકણ, ગોવા, ગુજરાત, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, તટીય આંધ્રપ્રદેશ, યાનમ, રાયલસીમા અને તેલંગાણામાં છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે..